|| શ્રી કોટયર્ક પ્રસન્નોડંતુ ||



|| શ્રી મહાપ્રભુજી ||



|| શ્રી શ્રીનાથજી ||



|| શ્રી યમુનાજી ||

# નડિયાદ ખડાયતા સમાજ (વડોદરા)

નોંધણી નં. : એ/૩૦૮૦/વડોદરા સાર્વજનિક ટ્રસ્ટ
તા. ૨૫/૦૮/૨૦૦૮

# “નડિયાદ ખડાયતા ઉદય”

## E - MAGAZINE

MAY 2022 - 1st EDITION



**PRESIDENT**
**Mitesh Shah**
12, Sthaptya Bunglows,
B/h. Taksh Complex,
Vasna Road, Vadodara - 390 015.
M : 82007 43285

**SECRETARY**
**Archin Shah**
Flat No. : A/401, Sharnam Green,
B/h. Siddheshwar Paradice,
Harni, Vadodara.
M : 98981 81370

**: રજીસ્ટર્ડ ઓફિસ :**
**૨૫, જય નગર સોસાયટી, આર. વી. દેસાઇ રોડ, વડોદરા.**

www.nadiadkhadayatasamajvadodara.in

aadicura.com

# Aadicura™
## Superspeciality Hospital
Putting Patients First




**આદિકયુરા સુપરસ્પેશ્યાલિટી હોસ્પિટલ, વડોદરાનાં અનુભવી અને નિષ્ણાંત ડોક્ટરોની ટીમ એકજ સ્થળ પર**

**21 experts@one place**

"પેશન્ટ કેર એજ પ્રાથમિકતા"ના ધ્યેય સાથે વૈશ્વિક પ્રતિષ્ઠા ધરાવતા ડોક્ટર્સ, વિશ્વસ્તરીય તબીબી સારવાર અને સુવિધા એકજ સ્થળ પર પુરી પાડશે.

Aadicura - A legacy, reborn.



**વસ્ક્યુલર અને એન્ડોવસ્ક્યુલર સર્જરી**
ડો. વિજય ઠાકોર
ડો. સુમિત કાપડિયા
ડો. હિતેન પટેલ
ડૉ કુશાન નાણાવટી

**ગેસ્ટ્રોએન્ટેરોલોજી**
ડો. ચિરાયુ ચોકસી
ડો. ધવલ દવે

**બેરિયાટ્રિક, લેપ્રોસ્કોપી અને જી.આઈ સર્જરી**
ડો. પંકજ ખંડેલવાલ
ડો. અંકુર તિવારી
ડો. મિનલ પાટીલ

**કાર્ડીઓલોજી**
ડૉ. નિરવ પાંચાણી
ડો. અર્પણ દેસાઈ

**ન્યુરોસર્જરી**
ડો. સંદીપ માવાણી
ડો. આશિષ દેસાઈ

**ઇન્ટરવેન્શનલ પલ્મોનોલોજી**
ડો. હિરેન પરીખ
ડો. હાર્દિક શાહ

**સીઈઓ**
ડો. કાર્તિક જોષી

**ક્રિટીકલ કેર**
ડો. રવિરાજસિંહ ગોહિલ

**કાર્ડીઓથોરાસિક સર્જરી**
ડો. અપૂર્વ વૈદ્ય

**નેફ્રોલોજી**
ડો. ધવલ ખેતીયા

**ઓકયુલોપ્લાસ્ટી**
ડૉ. સુરભિ કાપડિયા

**એન્ડોક્રિનોલોજી**
ડો. રુપલ પાંચાણી

**ઓર્થોપેડિક્સ**
ડો. ચિરાગ પટેલ
ડો. વિવેક પરીખ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **150** બેડ હોસ્પિટલ | **30** બેડ ક્રિટિકલ યુનિટ સાથે સુસજ્જ | **06** મોડ્યુલર ઓપેરશન થિએટર્સ, એચઈપીએ ફિલ્ટર સાથે | **03** એન્ડોસ્કોપી અને બ્રોન્કોસ્કોપી યુનિટ | **02** કેથ લેબ | **01** ડાયાલીસીસ યુનિટ | **24x7** કોમ્પ્રીહેન્સીવ ટ્રોમા સેન્ટર |

**24 કલાક ઈમરજન્સી નંબર**
(+91) 8980 55 88 11

**વડોદરા હોસ્પિટલ**

**વિન્ડવર્ડ બિઝનેસ પાર્ક, જેતલપુર રોડ, વડોદરા - 390020**

TrizoneIndia

# પ્રમુખ શ્રી નો સંદેશ



વહાલા જ્ઞાતિજનો,
આપ સૌને જયશ્રીકૃષ્ણ.

સહકાર, સંગઠન અને સંસ્કારની પરંપરાને સદાય અનુસરી વિકાસની કેડી પર આગળ ધપવા કટિબદ્ધ છીએ. સૌ કોઇને સાથે લઇને ચાલવાની નેમ, દીર્ઘદ્રષ્ટિ અને સમાજને સમૃધ્ધ અને વધુ અદ્યતન બનાવવા માટેના આ પ્રયાસો ઉત્તમ પરિણામ અચૂક આપશે મને એવો દ્રઢ વિશ્વાસ છે.

સન ૨૦૧૭-૧૮ માં હું જ્યારે સેક્રેટરી તરીકે સેવા આપતો હતો, ત્યારે આપણા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નીતિનકાકા વારંવાર થનગનતા યુવાધનને આગળ આવવા આગ્રહ કરતા હતા તે સમયે કુલીનકાકાની મદદથી યુવાધનને ભેગું કરવાની તક મળી. ક્રિકેટ ટુર્નામેન્ટનાં સુંદર આયોજન થકી, જ્ઞાતિના વડીલ અરૂણકાકાએ ટુર્નામેન્ટને સ્પોન્સર કરી યુવાનોમાં ઉત્સાહ રેડ્યો. જ્ઞાતિના યુવાનો સતત ૪ વર્ષથી વિભિન્ન ટુર્નામેન્ટમાં ભાગ લઇ રહ્યા છે. આમ, યુવાધનને સમાજ સાથે જોડવાનું સૌભાગ્ય મળ્યું.

કોરોનાકાળ પૂર્ણ થવાથી યુવાનોની કમિટીની સાથે સાથે ટ્રસ્ટીઓ એખાસ કરીને રાજેશભાઇ શાહ નો ફોન આવ્યો અને આપણા **NKS** ની પ્રવૃત્તિઓનો ફરી આરંભ કરી વેગ આપવાનું નક્કી થયું.

૨૦૧૭ માં ''પેપર લેસ'' પ્રવૃત્તિનું વિચારબીજ મનમાં ઊગ્યું, તે ૨૦૨૨માં ફળીભૂત થયું. જ્ઞાતિનું એક વ્હોટ્સએપ ગ્રુપ બનાવી શ્રીગણેશ કર્યા અને મને જણાવતા આનંદ થાય છે કે હાલ લગભગ 300 થી વધારે જ્ઞાતિ સભ્યો જોડાઇ ગયા છે જેમાં મહિલા સભ્યોનું અલગ વ્હોટ્સએપ ગૃપ પણ કાર્યરત છે.

જ્ઞાતિમિત્રો આપણો નડિયાદ ખડાયતા સમાજ વડોદરા એકમ પણ આ સાથે ૨૧મી સદીના ડિજીટલ યુગમાં પ્રવેશી ડિજીટલ બન્યો છે અને એક નવા અધ્યાયનો પ્રારંભ થયો છે. આપણા NKS વડોદરાની વેબસાઇટનો શુભારંભ થઇ ગયો છે. જે આપણા સમાજની વિગતો પૂરી પાડશે, જેના દ્વારા ઉજવાઇ ગયેલી અને આવનારી પ્રવૃત્તિઓનો ચિતાર પણ મેળવી શકાશે. વળી ઓનલાઇન નવી મેમ્બરશીપ અને ડોનેશન માટેનું પેમેન્ટ ગેટવે અને બારકોડ થકી પેમેન્ટ થઇ શકે તે માટેની સગવડ શરૂ થઇ ગઇ છે. જેનાથી દરેક વિપરીત કાળમાં સમાજ સાથે જોડાયેલા રહી શકાશે.

આવા જ ઉમદા પ્રયાસો સાથે આપણે ''**નડિયાદ ખડાયતા ઉદય**'' જ્ઞાતિનાં નવા ડિજીટલ મેગેઝિનની પણ શરૂઆત કરી રહ્યા છે, જેમાં આપણે જ્ઞાતિની નવી ગતિવિધિઓ ઉપરાંત જ્ઞાતિમિત્રોએ પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ સમાવી તેમની પ્રતિભાને એક નવો આકાર આપવાનો ભગીરથ પ્રયાસ કરીશું.

સમાજ માટે જોઇતા ભંડોળની પહેલને સર્વે જ્ઞાતિમિત્રોએ ઝીલી લીધી છે. મેમ્બરશીપ ફી, પેટ્રન મેમ્બરશીપ, ડોનર મેમ્બર, જાહેરખબર જેવાં વિવિધ જાતના ભંડોળ આપી અમને ધન્ય બનાવી દીધા છે. જેના માટે સર્વે દાનવિરો નો હૃદયનાં ઊંડાણથી આભાર વ્યક્ત કરૂં છું.

મોકળા મન અને સૌનો સાથ - સૌનો હાથ જોડાય તો મીઠાં ફળ અવશ્ય સાંપડે એ વાત ચરિતાર્થ થઇ છે વડોદરાનાં સભ્યો અને આપ સૌની બહોળી હાજરીથી, સૌપ્રથમ શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનાં ઉત્સવની રંગેચંગે ઉજવણી કરી અને મહાપ્રસાદ લીધો, એ સાથે સંગીતના ટેલેન્ટ ઉત્સવ થકી મહારસનું પણ રસપાન કર્યુ. આપણા જ જ્ઞાતિબંધુઓની પ્રતિભા માણવાનો પણ અવસર સાંપડ્યો ખાસ કરીને ભૂલકાઓની કળા માણવાની મોજ પડી.

શ્રીજીબાવાની મહેરથી, ચાલો ફરીથી મળીએ એક નવા કાર્યક્રમ સાથે.......

**આપનો વિશ્વાસુ**
**મિતેષ વાસુદેવભાઇ શાહ - પ્રમુખ**
**નડિયાદ ખડાયતા સમાજ - વડોદરા.**

સુજ્ઞ જ્ઞાતિજનો,

**નડિયાદ ખડાયતા સમાજ !**

આપણી પુષ્ટિમાર્ગીય સંસ્કૃતિમાં બ્રહ્મસંબંધના મંત્રમાં વિખુટા પડવાની પીડાના તાપનો ઉલ્લેખ છે. નડિયાદની સ્મૃતિ અને સંસ્કૃતિ સાથે ગાઢ રીતે જોડાયેલા આપણે સૌ, ફરી એકવાર કોરોનાના વસમા વર્ષોના વિરામ અને વિરહ બાદ, એક નવરચિત સમિતિ સાથે એકઠા થઈ રહ્યા છીએ, એ ઘણા આનંદની વાત છે. સૌ જ્ઞાતિજનો - સભ્યોનો અદમ્ય ઉત્સાહ એ વાતની સાક્ષી પૂરે છે !

મિત્રો, **નડિયાદ ખડાયતા સમાજના** સર્વ સ્થાપકો - વડીલો અને ધુરંધર જ્ઞાતિજનોએ આ સંસ્થાને છેલ્લા ચાર પાંચ દાયકાની અત્યાર સુધી પ્રવૃત રાખી એ આપણા સૌ માટે ગૌરવની વાત છે. વળી, આપણા સૌ વડીલ ટ્રસ્ટીઓએ, ઉત્સાહી યુવાન સભ્યોની નવી ટીમને સંચાલનની અને નેતૃત્વની એક અમૂલ્ય તક આપી છે જે ઘણી આનંદની વાત છે. આ સમિતિના સૌ સભ્યો વતી તેમનો હું હૃદયપૂર્વક આભારી છું. સૌ વડીલોના આશીર્વાદ અને માર્ગદર્શન સહિત, ટ્રસ્ટના સેવાના મૂળભૂત હેતુઓને વિસ્તારપૂર્વક હવે પછીના કાર્યક્રમો દ્વારા આગળ ધપવવાની નેમ છે. ટ્રસ્ટના ઉદ્દેશ્યો વધારે ને વધારે સારી રીતે પાર પડે તેવી વિશિષ્ટ પ્રવૃત્તિ માટે જરૂરી એવું ભંડોળ એકઠું થાય અને ટ્રસ્ટના નિયમો અનુસાર સુયોગ્ય રીતે અનું સંચાલન થાય એ આપણા સૌની જવાબદારી છે. આપ સહું વિશાળ હૃદયાની આ કાર્ય સાથે કોઈ પણ પ્રકારે તન-મન-ધનથી સહભાગી થાવ એ જ મહેચ્છા... !

આજના આ communication નાં સમય માં આ વેબ મેગેઝીન પ્રકાશિત કરવાનો નિર્ણય આવકારદાયક છે. તે માટે નવ રચિત યુવા સમિતિ ના સૂત્રધારો ને અભિનંદન ! એના નામાભિધાન માટે સર્વ સમંતિથી ''નડિયાદ ખડાયતા ઉદય'' નામ પસંદ કરાયું એ માટે આભારી છું.

આપ આપના લેખ / કાવ્ય / વાર્તા / રમુજલેખ / સર્જનાત્મક લેખ / ચિત્ર / ચિત્રણ / ગૌરવ પ્રદ સમાચાર / સામાજિક સેવા અંગે લેખાણ કે અવું કંઈ પણ સાહિત્ય આ વેબ મેગેઝિનમાં સમાવવા ઈચ્છતા હો તો પ્રમુખ કે તંત્રીનો સંપર્ક કરવા વિનંતી.

આ આપણા પરિવારનું મેગેધિન છે. આ મેગેઝિનને શરૂ કરવા પાછળનો ધ્યેય, વડોદરા ખાતે આપણી જ્ઞાતિમાં થતી મુખ્ય ગતિવિધિઓ, મિત્રોએ પ્રાપ્ત કરેલ સિદ્ધિ અને આપણા સારી પ્રતિભાવાન જ્ઞાતિ મિત્રોને ઓળખી તેમને એક મંચ આપવાનો ભગીરથ પ્રયાસ છે. તો આપ સૌ સમાજ સમાજ માટે સહભાગી થાવ એવો અનુરોધ છે !

આ મેગેઝિન માં લેખ માટે કેટલાક સૂચનો :

**My Nadiadian : My Memoires !** વતનનું વ્હાલ : મારા સંભારણા !
આપણા સૌના મૂળ - નડિયાદ સાથે જોડાયેલી પ્રેરણાદાયી મધુર સ્મૃતિઓ-ગૌરવશાળી યાદોના નાનાં નાનાં પ્રસંગો - કોઇ પણ ઉંમરના - આબાલવૃદ્ધ - પરિવારજનોને લખવા માટે આમંત્રણ !

**My Religion : My Pride !** પુષ્ટિ સંપ્રદાયની પ્રસાદની
બાળકોથી લઇને વડીલો સુધી સૌને રસ પટે એવી ધર્મ - નીતિ - વિવિક તથા પુષ્ટિસંપ્રદાયની આધુનિક યુગ સંગત પ્રેરક વાતો.

**My Khadayata - My Pride :** જ્ઞાતિ સમાચાર - જ્ઞાતિ ગૌરવ
આપણા સમાજ માં વડોદરા મુકામે થયેલા મુખ્ય આકર્ષણ/કાર્યો કે વખાણવા કે બિરદાવવા જેવા વ્યક્તિ કે કાર્ય વિશે નોંધ.

આ વેબ મેગેઝિનનાં પ્રથમ અંકમાં આપના માટે કેટલાક લેખો, કવિતા, પુષ્ટિમાર્ગ પર ચિંતન અને અન્ય સાહિત્યનો સમાવેશ કરેલ છે. હજું, ઘણા વિષય વૈવિધ્ય ને આવરી લેતા લેખોનો આપણે સમાવેશ કરતા રહીશું.

આપણી સંસ્થાના (૧) સૌ ટ્રસ્ટીઓ સહિત અન્ય પીઢ અનુભવી વડીલો (૨) નવી સમિતિના યુવા અને ઉત્સાહી સભ્યો (૩) સંસ્થાના ઉભરતા કિશોર અને બાળકોની આગામી પેઢી અને સાથે જ (૪) જ્ઞાતિની ઉત્સાહી મહિલા પાંખ : એમ આપણી ચતુરંગી સેનાએ સાથે મળીને, એકબીજા સાથે સંવાદ અને સતત સહિયારા પ્રયાસોથી ખભે ખભો મિલાવીને કામગીરી કરવાનો દ્રઢ નિર્ધાર કર્યો છે. મને આશા છે કે આગામી દિવસોમાં આપણે વધુ સારી રીતે આપણી સંસ્થાને નવી દિશામાં, આપ સૌના સહકારથી વધુ ઊંચાઇએ લઇ જઇ શકીશું !

જયશ્રી કૃષ્ણ ! જયશ્રી કોટચર્ક !

લિ.
રાજેન્દ્ર રસિકલાલ શાહ
**તંત્રી, નડિયાદ ખડાયતા ઉદય**

લિ.
ધવલ રામદાસ ગાંધી
**સહ-તંત્રી, નડિયાદ ખડાયતા ઉદય**

આભાર સહ
**કવિતા શાહ, સ્નેહલ શાહ અને ચિન્મય શાહ**

Featherlite®



## MODULAR OFFICE FURNITURE
*and*
## ERGONOMIC CHAIRS



GUNNEBO®

STEELAGE

Chubbsafes
*Trusted the world over.*



*Wide Range of*
## BURGLARY SAFE, FIRE RESISTANT LOCKERS FOR OFFICE, SHOPS, JEWELLERS, ETC.

**Come and Visit our Experience Zone**

**M/S Shree Krishna Corporation**

102, Muktidham Apartment, Above Dairy Den Ice Cream,
Sayajigunj, Vadodara, Gujarat - 390020 +91 97233 43222



# Unparalleled Expertise Unanimous Choice

Baroda Unipath
SPECIALTY LABORATORY

## Vadodara's Biggest Pathological Centre

## Offering Most Comprehensive Range of Pathological Services

- Specialised haematology
- Immunology & biochemistry
- Immunofluorescence
- Molecular diagnostics
  - PCR for infectious disease
  - GeneXpert
- Surgical pathology
  - Frozen section
  - Cytopathology
  - IHC
  - LBC
- Microbiology
- Infertility
  - Semen analysis on fully automated analyser
  - All infertility markers

## Our Centres

- Baroda Unipath Laboratory, Akota: 8155028222
- Aayu Path Lab, Tarsali: 9376224836,7043940202
- Purak Hi-tech Lab, Nizampura: 7229046350,9377559900
- Dr Jhaveri Lab, Akota: 9998724579
- Dr Jhaveri Lab, Pologround: 9725282172, 0265-2424335
- Dr Jhaveri Lab, Subhanpura: 9664912926
- Dr Jhaveri Lab, Waghidiya Road: 9510744868
- Sunshine Global Hospital, Manjalpur: 9377551432
- Rhythm Heart Institute, Sama Savli Road: 7043452428
- Smt Jayaben Modi Hospital, Ankleshwar
- Baroda Unipath Lab, Dahod

## Directors

- Dr Rakesh Shah. MD(Pathology), DCP
- Dr Girish Gupta, MD(Pathology)
- Dr Ankit Jhaveri, MD(Pathology)
- Dr Vishal Jhaveri, DCP

**Unipath Specialty Laboratory (Baroda) LLP.**
Platinum Complex, Opposite HDFC Bank, Near Radha-Krishna Char Rasta, Off O.P. Road, Akota, Vadodara - 390020

MC-4074

24/7 LABORATORY SERVICES

Ahmedabad | Anand | Bhavnagar | Dahod | Hyderabad | Jaipur | Jamnagar | Kolkata | Mehsana | Rajkot | Surat | Siliguri



# નડિયાદ ખડાયતા સમાજ (વડોદરા)

## વ્યવસ્થાપક સમિતિ – ૨૦૨૨



| | | | |
|---|---|---|---|
| 1. | PRESIDENT | Mitesh Shah | M : 82007 43285 |
| 2. | SECRETARY | Archin Shah | M : 98981 81370 |
| 3. | TREASURER | Pranav Shah | M : 98796 28222 |
| 4. | VICE PRESIDENT | Amit Talati | M : 98250 29219 |
| 5. | VICE PRESIDENT | Chetak Gandhi | M : 98240 28818 |
| 6. | VICE PRESIDENT | Dharmesh Shah | M : 98244 33361 |
| 7. | JOINT SECRETARY | Nipun Shah | M : 99740 24282 |
| 8. | JOINT TREASURER | Samir Shah | M : 90999 73764 |
| 9. | COMMITTEE MEMBER | Hiren Saraiya | M : 93740 22851 |
| 10. | COMMITTEE MEMBER | Chirag Shah | M : 91040 51084 |
| 11. | COMMITTEE MEMBER | Chintan Shah | M : 98258 92323 |
| 12. | COMMITTEE MEMBER | Jitesh Shah | M : 98240 45402 |
| 13. | COMMITTEE MEMBER | Taral Shah | M : 99740 85274 |
| 14. | COMMITTEE MEMBER | Nikhil Shah | M : 94291 62294 |
| 15. | COMMITTEE MEMBER | Samir Shah | M : 98799 87900 |

।। શ્રી કોટર્યક પ્રસન્નો સ્તુ ।।

# ઓચ્છવ સહિત સંગીત સંધ્યા તથા પ્રતિભા દર્શન



સમિતિ ના સભ્યો દ્વારા દિપ પ્રાગટ્ય



વેબ સાઈટ ઈનોગ્રેશન




સૌમ્યા નું નૃત્ય પ્રદશન




અમય શાહ – કરાટે ડેમો



કાર્યક્રમના સુત્રધાર – ચિન્મય તથા અમી



સુત્રધાર ચિન્મય દ્વારા મનોરંજક રમત



કૃપા ચિરાગ શાહ તથા
કિશા ચિરાગ શાહ (માં – દિકરી નૃત્ય)



Olympiads ૨૦–૨૧ ના વિજેતા ધૈર્ય શાહ ને
બિરદાવતા, ડિમ્પલ શાહ

પુષ્ટિમાર્ગના આરાધ્ય એટલે ગોર્વધન ધરણ અને ઘરેણું એટલે તિલક અને કંઠી. વૈષ્ણવ કુટુંબમાં જન્મ મળે એટલે તિલક ધારણ કરવાનો અધિકાર મળી જાય છે. પરંતુ કંઠી ધારણ કરવા માટે અધિકારી બનવું પડે છે. આપણા સંપ્રદાયમાં બે કંઠી ધારણ કરવાનો પ્રકાર છે. બાળક જન્મ લે કે થોડા સમય બાદ તેને નામ પડાવવા માટે કુલગુરૂ પાસે લઈ જવામાં આવે છે, જ્યાં તેને ગુરૂજી કાનમાં અષ્ટાક્ષર મંત્રનો ધ્વનિ કરે છે જેને કેટલાક કાન ફૂંકરાવવા એમ પણ કહે છે, જેને મંત્રદીક્ષા પણ કહે છે.

જ્યારે બાળક સમજણું થાય છે તેમજ પુષ્ટિમાર્ગની નીતિરીતિથી વાકેફ થાય છે ત્યાર બાદ પોતાના કુટુંબ પરંપરાના વૈષ્ણવાચાર્ય પાસેથી બ્રહ્મસંબંધ લેવા માટે આજ્ઞા માગે છે. વૈષ્ણવાચાર્ય જીવની યોગ્યતા જોઈને બ્રહ્મસંબંધ માટે તૈયારી કરવા જણાવે છે. અહીં એક વાત કરવી જરૂરી લાગે છે :

‘‘બ્રહ્મસંબંધ કેમ લેવા જોઈએ’’ એમ કેટલાક વૈષ્ણવોને પૂછતા નીચે મુજબ જાણવા મળે છે. :

૧) વડીલોએ આજ્ઞા કરી એટલે

૨) અમારા ગુરૂ છે એટલે

૩) અમારે બેઠકજીમાં ઝારીજી ભરવી હતી એટલે

તો મિત્રો તેની સાચી જરૂરિયાત શું છે ?બ્રહ્મસંબંધ કેવી રીતે કરવામાં આવે છે ?

બ્રહ્મસંબંધની આજ્ઞા મળે એટલે આગલા દિવસે ઉપવાસ કરાવવામાં આવે છે. બ્રહ્મસંબંધ સમયે હાથમાં તુલસીપત્ર આપવામાં આવે છે અને આચાર્યશ્રી દ્વારા બ્રહ્મસંબંધ મંત્ર સંભળાવવામાં આવે છે. ફરીથી કાનમાં શરણમ્ મંત્ર - અષ્ટાક્ષર મંત્ર નું ઉચ્ચારણ કરવામાં આવે છે. ત્યારબાદ શ્રી ઠાકોરજીના ચરણકમળમાં હાથમાં રહેલા તુલસીપત્ર પધરાવી દેવામાં આવે છે. ત્યાર બાદ આચાર્યશ્રી બીજી કંઠી ધારણ કરવા માટે આજ્ઞા આપે છે.

જો બ્રહ્મસંબંધ વિષે વધુ જાણકારી મેળવવી હોય તો બ્રહ્મસંબંધ મંત્રના ભાવાર્થને પૂરે પૂરો સમજાવો જોઈએ. ભાવાર્થમાં બે ભાગ છે.

૧) જીવની કબૂલાત છે,કે પોતાનામાં બ્રહ્મના આનંદનો અંશ તિરોધાન થયેલો છે.

૨) જીવ પોતાનું સર્વસ્વ શ્રીકૃષ્ણને સર્મપણ કરે છે.

૩) જીવ શ્રીકૃષ્ણનું શરણ લે છે.

ઉપરના ત્રણે ભાગનું મનોમંથન કરતા સમજાશે કે બ્રહ્મસંબંધ શા માટે લેવાનો. હજારો જન્મોથી બ્રહ્મમાંથી વિખૂટો પડેલ જીવ અનેક જન્મોના કારણે તેમજ બ્રહ્મથી વિખૂટા પડવાને કારણે દોષ થાય છે. તે પોતાના સર્વસ્વના સમર્પણ દ્વારા દોષમુક્ત થાય છે. જીવનો સંબંધ પૂર્ણ પુરૂષોત્તમ - આનંદઘન શ્રીકૃષ્ણ પ્રભુ સાથે થતાં જેમ કારમાં ઈગ્નિશન કી ચાલુ થતાં કાર દોડવા લાગે છે તેમ જીવ બ્રહ્મસંબંધ થી તથા ગુરૂ આજ્ઞા થકી ''રસો વૈઃ સઃ'' ની સેવામાં કાર્યાન્વિત થાય છે. તે આનંદઘન પૂર્ણ પુરૂષોત્તમની સેવા થકી પોતાનામાં તિરોધાન થયેલા આનંદના અંશની પુનઃપ્રાપ્તિ થાય છે.

સર્વે ને મારા જય શ્રી કૃષ્ણ

અરૂણ શાહ

મો. : ૯૯૭૯૮ ૫૧૨૨૯

# બુદ્ધિ વેચાણ કેન્દ્ર

હું એક મેળામાં ગયો હતો. ત્યાં એક દુકાન ઉપર બેનર લગાવેલ હતું 'બુદ્ધિ વેચાણ કેન્દ્ર '

દુકાન ઉપર ઘણી ભીડ હતી. હું પણ ઉત્સુકતાવશ ત્યાં ગયો.

જોયું તો ખરેખર બુદ્ધિનુ વેચાણ ચાલું હતું.

જુદી જુદી બરણી ઉપર લેબલ લગાવેલ હતાં.

| | |
|---|---|
| ખડાયતા સમાજ બુધ્ધિ | રૂા. ૫૦૦ |
| બ્રાહ્મણ સમાજ બુધ્ધિ | રૂા. ૫,૦૦૦ |
| પાટીદાર સમાજ બુધ્ધિ | રૂા. ૨૫,૦૦૦ |
| લોહાણા સમાજ બુધ્ધિ | રૂા. ૩૦,૦૦૦ |
| જૈન સમાજ બુધ્ધિ | રૂા. ૩૫,૦૦૦ |
| અન્ય સમાજ બુધ્ધિ | રૂા. ૫૦,૦૦૦૦ |

મને ગુસ્સો આવી ગયો, હું સીધો બુધ્ધિ વેચનાર પાસે ગયો, તેને કહ્યું કે ખડાયાતા સમાજની બુદ્ધિની કિંમત સહુથી ઓછી લખવાની તારી હિંમત કેવી રીતે થઈ ? તું અમારાં ખડાયાતા સમાજ ને શું સમજે છે ? તેણે હસતાં હસતાં મને કહ્યું, ભાઈ, બજાર ના નિયમ પ્રમાણે જે વસ્તુનું ઉત્પાદન (ઉપજ) વધુ થતું હોય તેના ભાવ હંમેશા નીચા રહે છે. આપના સમાજમાં ઘણાં બુદ્ધિશાળી માણસો હોવાથી બુદ્ધિ વેર વિખેર પડી છે. કોઈ પુછવા – વાળુ પણ નથી, તેઓ બધાં એક બીજા ના ટાંટીયા ખેંચવામાં લાગેલા છે.

## બધાંને મોટાં થઇ જવું છે.

એટલે જે કામ કરતાં હોય તેની ટીકા કરતાં હોય છે. કોઇ આગળ વધતો હોય તો કેમ કરી તેને લાઇનમાં લાવી દેવો, તે પ્રવૃતિ તેની પીઠ પાછળ ચાલતી હોય છે. અને એમાં પણ એક બીજાને નીચા બતાવવાની સ્પર્ધા ચાલે.

કોઇ કહે.....

- અમે નડિયાદ એકડો
- અમે મોડાસા એકડો
- અમે ઉમરેઠ એકડો
- અમે જનોડ એકડો
- અમે દશા ખડાયતા
- અમે વિસા ખડાયતા
- અમે જંબુસર એકડો
- અમે ભાનેર એકડો
- અમે ૨૧ ગામ એકડો

અમે વિગેરે વિગેરે ....

જાવ પહેલા સમાજ ને એક મુકામ સુધી પહોંચાડો. પછી તમે કહેશો એ કિંમત લખી આપીશ. અમે પણ સમજીએ છીએ કે આ ખડાયતા સમાજ છે, જો એક થઇ જાય તો આખી દુનિયામાં એમના જેવો કોઇ સમાજ ન થઇ શકે.

એની વાત કદાચ સાચી હશે. સમજદાર સમજી જશે. પણ જે નથી સમજવા માગતા એ પોતાને કદાચ બહુ મોટા માણસ સમજતા હશે.

**!! જય શ્રીકૃષ્ણ !!**

# It Happens Only In NKS

જહાં હો
સંતરામ મંદિર કે સંસ્કાર
નારણદેવ કી પુકાર
ઔર શ્રીનાથજી ભગવાન કી Bliss
It Happens Only In **NKS**

જહાં Committee Member કર રહે
Door to Door Visit
જહાં જ્ઞાતિજન ભી દે રહે હૈ Response
With Positive Spirit
ઔર જહાં વડીલ જ્ઞાતિજનો કે આર્શીવાદ સે
હો રહા Remarkable Progress
It Happens Only In **NKS**

જહાં Talent કો Explore કરને કી
મિલતી સબ કો Opportunity
જહાં બડા હો યા બચ્ચા, મીલતા Respect સબકો
હૈ ઐસી પ્યારી Community
ઔર જહાં Digitalitation સે અબ ન રહેગા
કોઈ Communication મેં Space
It Happens Only In **NKS**

જહાં ઔચ્છવ જૈસે તહેવારો કે મનાતે
બડે ધૂમધામ સે
જહાં આતે બંધુ સબ હૈ જીનકા
Origin નાતા નડીયાદ ગાંવ સે
ઔર જહાં ચલતે સદૈવ સ્નેહ, Support ઔર Help
કી શિક્ષા, બીના લીયે Recess
It Happens Only In **NKS**

- PRANAV DASHRATHBHAI SHAH

KHAMBHATWALA
SUKHADIA
SWEETS & SNACKS
Taste. Health. Tradition.

**Sukhadia Sweets & Snacks**

Darpan Apartment, R. C. Dutt Road,
Alkapuri, Vadodara, Gujarat - 390 005.

+91-7046164064

www.sukhadiafoods.com

sukhadiasweetsbaroda@gmail.com

Sukhadia Sweets N Snacks




PATHOCARE
PATHOLOGY LABORATORY

asserting patient care
8980804340
pathocarelab2013@gmail.com

**Dr. Ashish Madia**
M.D. Pathology
+91 99046 46237

**Dr. Viral Patel**
M.D. Pathology
+91 90999 41489

| | |
|---|---|
| MAIN LAB | 430, Trivia Complex, Natubhai Circle, Race Course<br>Ph. : 0265 - 298 3000 \| Mo. : 8980804340 |
| Collection Centre - 1 | 105, Senate Square Tower - B, Opp. Gangotri Complex,<br>30 Meter Road, Opp. Yash Complex, Gotri, Vadodara. |
| 2 | 203, Phoeninx Prime, Nr. L & T Circle, Karelibaug, Vadodara<br>0265 - 2961489, 8980804387 |
| 3 | G, Fortune Gateway, Chhani Jakat Naka, Vadodara.<br>M : 63524 536060 |
| 4 | Shop No. 32, Silver Rock, Opp. Bhavan's School,<br>B/h. Makarpura Police Station, Vadodara M : 63588 45474 |
| 5 | FF-4, Florence Pride, Sunpharma Road, Nr. Mathura Nagri,<br>Tandalji, Vadodara. M. : 6358 744 386, 7016 229 140 |

**Yogesh Parikh**
**Shreyas Parikh**
9879014322

# GOPAL
PAPER MART

**Dealer :**
Ballarpur Industries
(All kind of Zerox Paper & Printing Paper)

G/5/A, Anand Chambers,
Opp. New Era Girl's School,
Bhutdi Zampa, Vadodara - 390001.
(0) 0265 2431113
(O) 79905 86913
gpm_st@yahoo.co.in

# AADHYA VACUUM PACKAGING
VACUUM PACKAGING FOR ALL KIND OF INTERNATIONAL

## Courier & Parcel
Any Kind of Food Products like Pulses, Grains, Dry Vegetable, Chutney & Pickles etc. with Proper Hygienic Pouches 100gms to 5 kg

99250 19902

23, Nirmanvihar Flats, Opp.Swati Society, Vishwamitri Road, Manjalpur, Vadodara.

## આધ્યા વેક્યૂમ પેકેજીંગ
તમામ પ્રકારના આંતરરાષ્ટ્રીય વેક્યૂમ પેકેજીંગ

## કુરીયર અને પાર્સલ
કોઈપણ પ્રકારની ખાદ્યપદાર્થો જેમ કે કઠોળ, અનાજ, સૂકા શાકભાજી, ચટણી અને અથાણાં વગેરે યોગ્ય આરોગ્યપ્રદ પાઉચ ૧૦૦ ગ્રામથી ૫ કિ.ગ્રા.

99250 19902

૨૩, નિર્માણવિહાર ફ્લેટસ, સ્વાતી સોસાયટીની સામે,વિશ્વામિત્રી રોડ, માંજલપુર, વડોદરા.

AVIAN TVS

TVS



# AVIAN TVS
PRESENTING THE NEW
## TVS JUPITER ZX
WITH TVS SMARTXONNECT
ભારતનું સૌ પ્રથમ 110cc બ્લુટૂથ® કનેક્ટેડ સ્કૂટર#

TVS intelliGO

TVS Jupiter વધુનો ફાયદો

**Helpline No.: 9586166600**
2 નવા આકર્ષક રંગોમાં ઉપલબ્ધ

**Rs. 1,500/- Discount for N. K. S. Members**
**M : 95105 52407 (Soyeb)**

VB

**Ajay P. Mehta**
Mo. : 98241 66945





- Suppliers & Service Contractors of Fire Fighting Equipments & Safety Product

# V. B. Fire & Safety Produsts

8,Nilkamal So., Nr. Pragati Sahakari Bank Ltd.,
Nizampura, Chhani Road, Vadodara.

પુષ્ટિમાર્ગના પાંચ તત્વોમાં પરમતત્વ છે. શ્રીકૃષ્ણ - પરમાત્મા. શ્રીકૃષ્ણમાં શ્રી એટલે રાધાજી અને કૃષ્ણ એટલે આનંદને આકર્ષિત કરે તે - રાધા સહિત કૃષ્ણ.

આપણા જીવનનું મુખ્ય ધ્યેય એટલે શ્રીકૃષ્ણની પ્રાપ્તિ. જીવનમાં આનંદ પ્રાપ્ત થાય તો જ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થઈ શકે. શ્રીકૃષ્ણ એટલે આનંદ, પરમાનંદ, બ્રહ્માનંદ. જેમાં લૌકિક આનંદ અને અલૌકિક આનંદનો સમાવેશ થાય છે. લૌકિક વસ્તુઓથી પ્રાપ્ત થતો આનંદ ક્ષણિક હોય છે. તે વસ્તુની પ્રાપ્તિ સુધીજ સિમીત હોય છે. જ્યારે અલૌકિક આનંદ એ સદાનંદ. સદાને માટે આપણા ચિત્તમાં પરોવાયેલો હોય છે.

શ્રીકૃષ્ણની પ્રાપ્તિમાં સર્વપ્રથમ સોપાન, આપણે સૌ પ્રભુના અસ્તિત્વનો સ્વીકાર કરીએ છીએ. જ્યાં સુધી પ્રભુના અસ્તિત્વનો સ્વીકાર નહીં કરી શકીએ ત્યાં સુધી આ માર્ગમાં ક્યારેય આગળ વધી શકાય નહીં. પ્રભુમાં શ્રધ્ધા, પ્રભુમાં વિશ્વાસ જ્યારે પ્રગટ થાય છે ત્યારે અંતરમાં અજવાળું થાય છે.

શ્રીકૃષ્ણ ફક્ત દેહધારીજ કૃષ્ણ નથી તેઓ સદા સાકાર અને નિરાકાર સ્વરૂપે આ જગતમાં એક પરમતત્વરૂપે પ્રકાશીત હોય છે. નિર્ગુણ નિરાકારે સગુણ સાકાર રૂપ ધારણ કર્યુ અને શ્રીકૃષ્ણના નામથી જન્મ ધારણ કર્યો.

શ્રીમદ્ ભગવદ્ ગીતાજીમાં પણ કહેલું છે કે

જ્યારે જ્યારે ધર્મનો નાશ થવાનો હોય છે ત્યારે ત્યારે તેઓ દેહ ધારણ કરી જગતમાં પ્રગટ થાય છે.

યદા યદા હિ ધર્મસ્ય, ગ્લાની ર્ભવતિ ભારત : ।।
અભ્યુત્થાનમ અધર્મસ્ય, તદાત્માનં સૃજમ્યહમ્ ।।

એટલું જ નહીં, -અષ્ટ સખા શ્રી પરમાનંદદાસજી એ પણ પોતાના કિર્તનમાં ગાયું છે.

પદમ્ ધર્યો જન તાપ નિવારન ।
ચક્ર સુદર્શન ધર્યો કમલકર, ભક્તનકી રક્ષાકે કારન ।।
શંખ ધર્યો રિપુ ઉદર વિરન, ગદા ધરીદુષ્ટન સંહારન ।।
ચારો ભુજા, ચારો આયુધ ધરે, નારાયણ ભુવ ભાર ઉતારન ।।
દીનાનાથ જગતગુરૂ, આર તિહરન ભક્ત ચિંતામનિ ।
પરમાનંદ દાસકો ઠાકુર યહ ઔસર, ઔસર છાઁડો જનિ ।।

પ્રભુએ પોતાના હાથમાં, શંખ, ચક્ર, ગદા અને પદમ્, શત્રુઓથી રક્ષા કરવા માટે, ભક્તોની રક્ષા કરવા માટે દુષ્ટોને સંહાર કરવા માટે, ભક્તજનોનો તાપ નિવારણ માટે ધારણ કર્યા છે. આમ પ્રભુ ભક્તો માટે પૃથ્વી પર સદા બિરાજમાન હોય છે.

પ્રભુની ગતિ અગાધ છે. જેને સમજવાની સામાન્ય માણસની શક્તિ નથી તેઓ કર્તુમે, અકર્તુમ તથા અન્યથા કર્તમ પણ હોય છે. તેઓ સાકાર તથા નિરાકાર સ્વરૂપે પ્રગટ હોય છે. તાનસેનજી કિર્તનકારે પોતાના કિર્તનમાં ગાયું છે.

તેરી ગતિ અગાધ નિરંજન, નિરાકાર નારાયન ।
સપ્તદ્વિપ, સપ્તખંડ, પર્વત મેરૂ ધા રચ્યો નારાયન ।।
તુહી સુરજ, તુહી ચંદ, તુહી ઉડગાન નિરાકે તારે ।
તુહીજલ, થલ, પવન, તેજ, તુહી ઘરની આસમાન ।।
તાનસેન કે પ્રભુ ઘટ ઘટ મેં કરત ગાન,
અગમનિગમ સકલ સિષ્ટ (સૃષ્ટિ) ઘરત ધ્યાન ।।
વેદોમાં પણ ઉલ્લેખ કર્યો છે કે,
ચંહુયુગ, વેદ વચન પ્રતિ પાર્યો ।
ધર્મગ્લાનિ ભઈ જબ હિ જબ, તબ તબ તુમ વપુ ધાર્યો ।।
સત્યયુગ, શ્વેત વારાહ રૂપધર, હિરણ્યાક્ષ ઉર ફાર્યો ।
ત્રેતા રામરૂપ દશરથ ગૃહ, રાવણ કુલ સંહાર્યો ।।
દ્વાપર વ્રજ બુડનતે રાખ્યાં, સુરપતિ પાયન પાર્યો ।
કંસાદિક દાનવ સબ મારે, વસુધા ભાર ઉતાર્યો ।।
કલિયુગ શ્રી વલ્લભ, ગૃહ કમટે, માયાવાદ નિવાર્યો ।
માણિકચંદ પ્રભુ શ્રી વિઠ્ઠલ, પુરૂષોત્તમ રૂપ નિહાર્યો ।।
આમ પ્રભુ ચારે યુગમાં જુદા જુદા સ્વરૂપ ધારણ કરી

શત્રુઓનો નાશ કરી, જગતને શુદ્ધ અને પવિત્ર રાલ્યું છે અને ભક્તોની રક્ષા કરી છે. વેદોમાં પણ એ ઉલ્લેખ છે, કે પરમાત્મામાં છ ગુણ હોય છે, યશ, શ્રી, ઐશ્વર્ય, વિર્ય, જ્ઞાન અને વૈરાગ્ય. દેહમાં રહેલો આત્મા એ પરમાત્માનોજ અંશ છે. આત્મામાં પરમાત્માના આ બધાજ ગુણ સમાવિષ્ટ છે. જેમ અંગાર (કોલસા)માંથી છૂટા પડેલા તણખામાં પણ અગ્નીના ગુણો સમાવિષ્ટ હોય છે. પરંતુ જીવમાં રહેલા છ ગુણો - કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર ને લીધે આત્મા લોપાયમાન હોય છે. આત્મા પર આ પડ ચડેલા હોય છે. જેથી આત્મા પ્રકાશિત હોતો નથી.

જીવ માંથી આત્મા પ્રકાશિત કરવા માટે પ્રભુની ભક્તિ એજ એક સાચો માર્ગ છે. ભક્તિ એટલે ચિત્તને પ્રભુમાં પરોવી દેવું. ભક્તિ માટે પ્રભુની સેવા કરવી જરૂરી છે. સેવા એટલે સર્વાત્મભાવથી પ્રભુ સાથે સ્નેહથી જોડાઈ જવું.

શ્રીમદ્વલ્લભાચાર્યજીએ સેવાનો માર્ગ બતાવ્યો છે. સેવા રીતિ પ્રિતી વ્રજ જન કી, જનહિત જગ પ્રગટાઇ, દાસ શરણ હરિ વાગધી શકી, ચરણરેણું નિધીપાઇ, પ્રકટ વ્હૈ મારગ રિતી દિખાઇ.

ભક્તિ ના નવ પ્રકાર છે. જે તે નવઘાભક્તિ કહે છે અને દસમી ભક્તિ એ પરભક્તિ છે. આમ સેવા દ્વારા ભક્તિ પ્રગટ કરી કૃષ્ણ પ્રાપ્તિ થઇ શકે છે. જે દરેક વ્યક્તિનાં જીવનનું ઉદ્દેશ્ય હોવું જોઇએ.

જય શ્રી કૃષ્ણ

વાસુદેવ એમ. શાહ
મો. ૯૩૭૪૦ ૨૪૩૬૮

ઉષ્મા અનુભવવા મેં મારો
જમણો હાથ લંબાવ્યો..

ખાસ્સી વાર થઈ અને મારો
હાથ એમ જ લંબાયેલો રહી
ઠંડો પડવા લાગ્યો,
હવે તો મને લાગ્યું જાણે
મારે જમણો હાથ જ -
નથી કે શું ? ચેતન વગરનો જાણે
નિષ્પ્રાણ બની ગયો હતો હાથ..

પણ ત્યાં જ ડાબેથી એક
હાથ આગળ વધતો મારા
જમણા હાથ તરફ આવ્યો,
રોમાંચનો અનુભવ થયો મને,
ડાબા - જમણા હાથનું
મિલન જાણે કે બે વિરુદ્ધ
ધ્રુવો એકમેક તરફ આકર્ષાયએ
એ થીયરી મગજમાં તરવા લાગી.

એ ડાબા હાથે હળવેથી
મારા જમણા હાથને ઉઠાવી
છાતી સરસો ચાંપી દીધો
અને મારા જમણા હાથ ઉપર એ
ડાબો હાથ હુંફાળો સ્પર્શતો રહ્યો.

છાતીમાંથી ઉઠતી મારા પ્રત્યેનાં
પ્રેમની આગથી મારા જમણા
હાથમાં ફરી રુધિરનું ભ્રમણ થવા
લાગ્યું.

આભાર માનવા મેં મારા બંને
હાથ જોડ્યા કે હું ઝબકી ગઈ...
અરે ! આ તો મારો જ
બીજો હાથ ને મારૂં જ હૃદય !

અને.. મને યાદ આવ્યું.
હું મને અનહદ પ્રેમ કરૂં છું.

**- કવિતા શાહ**

જીવને છે અભરખા હજુ સાંઈજી,
શ્વાસના ચાલે ચરખા હજુ સાંઈજી.

છો કદી ના જ ફાવ્યું, સમયથી છતાં
સેવવા હોય પડખાં હજુ સાંઈજી.

ચાખી લીધો ભલે હોય અમૃત કળશ.
મારશે જીવ વલખાં હજુ સાંઈજી.

એક પલ્લું નમે છે હજુ એક તરફ,
ક્યાં થયા બેય સરખા હજુ સાંઈજી ?

રૂપ છે જૂજવાં થાય ક્યારેક એક ?
મનથી ઓગાળ મનખા હજુ સાંઈજી.

રાખ ના થાય આ આગ દિલમાં ઉઠી,
ઊડતી રાખ તણખા હજુ સાંઈજી.

થાય મેળાપ, કર કંઈક એવું કહ્યું,
તું કહે છે કે સમ ખા, હજુ સાંઈજી.

**- કવિતા શાહ**
**(પુણ્ય સ્મરણ મુસાફિર પાલનપુરી)**



# પ્રાચીન કાવ્યવિનોદ અને તર્ક શાસ્ત્ર

હમણાં થોડા સમય પહેલાં કપિલ શર્માના અતિ પ્રચલિત લાફ્ટર - શો માં, કીકુ શારદા દ્વારા અભિનીત ''સીધા સીધા કુછ નહીં હોતા ! '' એ વીડિયો વાયરલ થયો હતો !

હકીકતમાં, એજ વાતને ધ્યાનમાં રાખીને એક પોસ્ટ ફેસબુક પર થોડાક વર્ષો પહેલાં લખી હતી, તે આજે આ આપણી જ્ઞાતિના વેબ મેગેઝિનમાં તમારા સૌ માટે ....

ગુજરાતી સાહિત્યમાં એક પ્રાચીન કવિતા છે :

''ઊંચેથી પડી એક કેરી, દીઠી એણે લીધી નહિ,<br>
લેવા દોડ્યા બે જણ, એણે લીધી નહિ,<br>
લીધી બીજે બે જેણે, લીધી એણે ખાધી નહિ,<br>
ખાધી બીજે એક જણે, ખાધી એણે સ્વાદ જાણ્યો નહિ,<br>
સ્વાદ જાણ્યો બીજી એક જણીએ, સ્વાદ જાણ્યે એણે માર ખાધો નહિ,<br>
માર ખાધો બીજે એક જણે, માર ખાધો એ રોયો નહિ,<br>
રોઇ બીજી બે જણીઓ !<br>
બોલો જોઉં આ કોણ સે । ''

('બચપણના વિનોદો' - રણજિતરામ મહેતા)

હવે આ વાતને તર્ક શાસ્ત્ર સાથે શો સંબંધ !!

તો લ્યો : આ વાતને આપણા શ્રી ગુણવંત શાહે એક પુસ્તક માં લખ્યુ છે :

(અસ્તિત્વનો ઉત્સવ ! પૃ : ૪) તર્ક શાસ્ત્ર !!!

ઉતશ્ય નામે ઋષિ થઇ ગયા. એક સવારે વેદમંત્રોના ગાન સાથે તેઓ યજ્ઞવેદીમાં તલ હોમી રહ્યા હતા. એમની પર્ણકુટીની ફરતે ગાઢ જંગલ આવેલું હતું. કશોક અવાજ થયો અને ઋષિએ એક હરણને બેબાકળું બનીને પોતાની પર્ણકુટીમાં દાખલ થતું જોયું. થોડી વારમાં એક વાઘ ત્યાં દોડતો આવી પહોંચ્યો. વાઘે ઋષિને પૂછ્યુ 'તમે હરણને અહીંથી જતું જોયું ? એ કઇ દિશામાં ગયું ?'

ઋષિ સત્યના ઉપાસક હતા. એમની સામે બે જ વિકલ્પ હતા. વાઘને અસત્ય કહી હરણને બચાવવું કે પછી સાચું કરીને હરણને મરવા દેવું. તેઓ ઘડીભર મૌન રહ્યા, પછી બોલ્યા : હે વાઘ ! તને મારે શો જવાબ આપવો ? જોવાનું કામ આંખ કરે પણ તે બોલી શકતી નથી. બોલવાનું કામ જીભ કરે પણ તે કશુંય જોઇ શકતી નથી ! હું તને મારી જીભ વડે શું કહું । એણે કશું જોયું જ નથી. વળી મારી આંખ તને કશું બોલીને કહી શકતી નથી ! '

ઋષિનો આવો જવાબ સાંભળીને વાઘની બુધ્ધિ બહેર મારી ગઇ અને તે ત્યાંથી ચાલ્યો ગયો. કહે છે કે ઉતશ્ય ઋષિના આ શબ્દોએ જે શાસ્ત્રને જન્મ આપ્યો તેનું નામ તર્ક શાસ્ત્ર પડ્યુ !!!

રાજેન્દ્ર આર. શાહ 'સ્વપ્નિલ'
મો. : ૯૯૦૯૯ ૨૨૩૯૮

NAVIN PATEL
99240 25145 / 39

KALINGA

# Kalinga Machine Tools

Laheripur New Road, Vadodara - 390 001.
(0265) 2423679
kalingatools123@gmail.com

**Dealers In**

- Esab India Ltd.
- Honaver Electrodes Ltd.
- Gee Ltd.
- Ceratizit India Pvt. Ltd.
- Grindwell Norton Ltd.
- Welmet Technologies Pvt. Ltd.

All Types of Gas &
Electric Welding Accessories

Vishal Patel
M : 98257 84422
E-Mail : om_fabrication@ymail.com

Sachin Patel
M : 99099 56599

# Om Fabrication

**All Types of Fabrication & Job Works**

748/6/22, GIDC Industrial Estate,
Makarpura, Baroda - 390 010.

**-: Resi. :-**
B-200, Motinagar-2, Tarsali,
Tarsali-Susen Ring Road, Vadoara.



**Anuraj Talati**

BACHELOR OF ADVANCED SCIENCE (HONOURS)
BACHELOR OF ENGINEERING (HONOURS)







**Wishes from
Niranjan Talati & Family**

TLH
THE LAUNDRY HOUSE




Open Everyday
9:30 AM - 8:30 PM

**Save up to 35% on our membership & save huge on your laundry bills**

Dry Cleaning
Membership Plans

MEMBERSHIP ₹5,000/- BENEFIT Rs. 6200/-
MEMBERSHIP ₹10,000/- BENEFIT Rs. 12,500/-
MEMBERSHIP ₹25,000/- BENEFIT Rs. 32,000/-

**Our Service**

- Wash & Dry Cleaning
- Iron Steam
- Fluff & Fold
- Pick Up & Delivery

up to 35% saving



*T&C Applied

**Contact Us**
+91 7487074870
www.tlhindia.in

Brijesh Shah
M : 98242 75937

**Radhe Enterprise**

Dealers In : Electrical Control Panel Addessories

902/2, Opp. Vasu Pharma,
G.I.D.C., Makarpura,
VADODARA - 390010
Ph. : (0265) 2630062,
6595341
: E-mail :
radhebrijesh93@yahoo.co.in

AUTH. DEALER OF :
Atlas Copco
ATLAS COPCO (INDIA) LTD.

**POWER ENGINEERS (GUJARAT)**

**COMPRESSOR SALES, SERVICE & SPARES**





**SCREW AIR COMPRESSORS : 2 KW TO 1000 KW**
**RECIPROCATING AIR COMPRESSOR : 2 TO 10 H.P.**
**FILTERS, ELECTRONIC DRAINS (EWD), AIR RECEIVERS**

C1-375/2, GIDC Makarpura, Vadodara-390 010.
Email : pegujarat@gmail.com

Mr. Bipin Patel
M.: +91 98253 15118

Mr. Hiren Saraiya
M.: +91 93740 22851



**JAI SHREE KRISHNA
TO ALL
VAISHNAV**

**From
P Parikh**

**Radhe Tradingg co.**

**BIREN SHAH**
+91 98987 06600

DISTRIBUTOR IN IMPORTED
PRINTING MATERIAL & CONSUMABLE

FF 46, RGB Complex,
Opp. Bauchraji Temple,
Karelibaug, Vadodara - 01.
+91 265 2416855
rtcbiren@gmail.com

# Voluntary Donation Members

| MEMBER NAME | AMT. | MEMBER NAME | AMT. |
|---|---|---|---|
| Rajesh Shah CA | 4000 | Indiraben Rasiklal Shah | 2001 |
| Atulbhai Kanubhai Shah | 11000 | Arunbhai Vakil | 500 |
| Indiraben Rasiklal Shah | 2001 | Ashokbhai Parshottamdas Shah | 500 |
| Mukeshbhai Bansilal Shah (VIP Soc) | 2000 | Kaushikbhai Harenbhai Parekh | 500 |
| Barbeshkumar B Shah | 1501 | Nishit Vinubhai Shah | 500 |
| Jagdishchandra Chandulal Gandhi | 1500 | Dipak Bansilal Dalal | 250 |
| Pwer Engineers (Guj) | 1000 | Sudhirkumar Shah | 250 |
| Pragnesh Talati | 1000 | Sunilbhai Chandrakant Parikh | 250 |
| Vrajesh B Shah | 1000 | Ushaben Parikh | 250 |
| Pranav D Shah | 500 | Utpalbhai Shah | 250 |
| | | Niranjanbhai H Shah | 250 |

# Life Time Membership (Rs 1500/-)

1. Jitendra N Parikh
2. Kirtan N.Shah
3. Taral R.Shah
4. Dr. Dhaval N Shah
5. Nirav K.Shah
6. Ronak Shah
7. Hitesh Shah
8. Nirav Shah
9. Yogesh K.Parikh
10. Yogesh J Shah
11. Himani Hitendra Shah
12. Tanmay Shah
13. Archin Y.Shah
14. Dr.Nipun Shah
15. Rajeshbhai Shah
16. Samir K Shah
17. Chinmay Shah
18. Harsh K.Shah
19. Jaideviben Mahendrabhai Talati
20. Ashvin Hasmukhlal Shah
21. Dhruv Jignesh Parikh
22. Dr.Ashish A Desai
23. Arpitbhai Harish Kumar Shah
24. Dilipkumar Shah
25. Dharmesh Parekh
26. Dipeshbhai Shah
27. Jagdischandra Chandulal Gandhi
28. Mukund Jayantilal desai
29. Chintan Hemantbhai Shah
30. RAJIV
31. Shirebhai Y. Parikh CA **
32. Vishal Harshbhai Shah
33. Nileshbhai R.Shah
34. Dhiren Y Parikh CA
35. Dr. Harish Mohanlal Shah
36. Mitesh M.Shah
37. Dev Jaiminbhai Shah
38. Bhavesh Gandhi
39. Mukeshbhai Bansilal Shah (Shree Shringar)
40. Divyesh Shantilal Shah
41. Archit Ketankumar Saraiya
42. Nilesh Natvarlal Shah
43. Harsh Pragneshbhai ( RJ)
44. Dr.Krunal.Kiritbhai Shah
45. Rohitbhai Occhavalal shah
46. Chirag Shah

## Donor Member (Rs.11000/-)

| | | |
|---|---|---|
| 1. | Bharat Pranlal Shah | 11000/- |
| 2. | N H Sharaf | 11000/- |
| 3. | Pranav Mukundbhai Shah. | 11000/- |
| 4. | Rajesh Shah CA | 11000/- |
| 5. | Dr. Rakesh J. Shah | 11000/- |

## Patron Member (Rs. 5000/-)

1. Tarak J.Parikh
2. Vipul Ashwinbhai Shah
3. Nishit Y Shah
4. Samir A.Shah
5. Gaurang R.Shah
6. Hanshil C.Gandhi
7. Tapan Ashok Shah
8. Rajendra R.Shah
9. Neepa N.Gandhi
10. Alpa N.Gandhi
11. Alok Shah
12. Dr.Sachin Mahendra Shah
13. Mayurbhai M Shah
14. Pritesh P Shah
15. Dr.Bhavesh V Shah
16. Premilaben S Shah
17. Dipakbhai N Shah
18. Bimal Mahendrabhai Shah
19. Dhruv Bimalbhai Shah
20. Dhaval Gandhi
21. Rajan N Parikh
22. Amit Arvindbhai Talati
23. Tejas Dilipbhai shah
24. Vaibhav Gopalbhai Shah
25. Dr. Rajesh Shah
26. Ronak Shah
27. Ketan Kanubhai Shah
28. Keval Shah
29. Amish Dhirajlal Shah
30. Shalvik Mitesh Shah
31. Manish P. Shah

## NKS Cricket Tournament Donars

| | |
|---|---|
| NKS Super warriors Team owner Rajen | Rs. 15000/- |
| Shah warriors Team owner Dharmesh | Rs. 15000/- |
| Aura Queens Team owner Dimple | Rs. 5000/- |
| NK Queens Team owner Shital | Rs. 5000/- |



Compiled by

**Pranav Shah**

Treasure - NKS



# ૨૦૨૨ના આગામી કાર્યક્રમો અને આયોજનો

**નડિયાદ ખડાયતા સમાજની કારોબારી સમિતિ દ્વારા નક્કી થયા મુજબ આ પ્રમાણેનાં કાર્યો પાર પાડવાની નેમ છે.**

**૧) વોટ્સએપ ગ્રુપ :**

સૌ સભ્યો સાથે ભવિષ્યમાં તમામ સંપર્કો, સંદેશાઓ તથા માહિતી, ત્વરીત **Paperless** કરી શકાય તે માટે આપણે તેમાં જોડાઇ જઇએ તે જરૂરી છે. હાલ આશરે ૨૫૭ જેટલા સભ્યો તેમાં જોડાયેલા છે. મૂળ નડિયાદના ખડાયતા હોય એવા મિત્રો જે હજુ આ ગ્રૃપમાં જોડાયા ન હોય તેમને જાણ કરી, આ ગ્રુપમાં સભ્ય થવા વિનંતી છે, જેથી સંસ્થા સાથે સંપર્ક માં રહી શકાય તે માટે વોટ્સએપ નંબર : ૮૨૦૦૭ ૪૩૨૮૫ (શ્રી મિતેશ શાહ)

**૨) સભ્ય ફી ભંડોળ :**

હાલના ઘણા સભ્યોએ પોતાનું સભ્યપદ નવા પદ પ્રમાણે રીન્યુ/અપગ્રેડ કરાવેલ છે. સંસ્થા કેમનો આભાર માને છે. મૂળ નડિયાદના ખડાયતા હોય એવા, છેલ્લા ચાર વર્ષોમાં વડોદરા રહેવા આવ્યા હોય તેવા નવા સભ્યોને પણ જાણ કરીને કેમને સભ્ય પદ માટે આવકારી છીએ જે જ્ઞાતિબંધુ સભ્ય થવા ઈચ્છુક હોય તે હજુ પણ સભ્ય થઇ શકે છે. સભ્યના પુત્ર જ્યારે પોતે સ્વતંત્ર/પગભર થાય ત્યારે તે નવું સભ્યપદ મેળવી લે તે જરૂરી છે. સભ્યપદના ૨૦૨૨ ના દર આ પ્રમાણે છે.

| | |
|---|---|
| Rs. 1,500/- | Life Membership - આજીવન સભ્યપદ |
| Rs. 5,000/- | Patron Membership - પેટ્રન સભ્યપદ |
| Rs. 11,000/- | Donor Membership - દાતા સભ્યપદ |

હાલમાં સંસ્થા ખાતે છેલ્લા ત્રણ માસમાં, નવતર યુવા ટીમની અપીલને માન આપી આજીવન સભ્યો, પેટ્રન સભ્યો તથા દાતા સભ્યોના નોંધણી પેટે આશરે રૂા. ત્રણ લાખનું ભંડોળ એચઠું કરી શક્યા છીએ તે ઘણા આનંદની વાત છે.

વળી, આ સંસ્થા એક નવીન પહેલ તરીકે જ્ઞાતિની મહિલાઓને માટે પણ એક એલગ પાંચ ઉભી કરી રહી છે. જેમાં આપણા કુટુંહની સહુ યુવતીઓ, બહેનો, ગૃહિણીઓ પણ સભ્ય થઇને એક વિશેષ તરીકે સંસ્થાને વધુ વેગવાન બનાવશે. **શ્રીમતી ડીમ્પલ મિતેશ શાહ** આ મહિલા પાંખની આગેવાની કરવા માટે પ્રમુખ તરીકે આગળ આવ્યા છે. જ્ઞાતીની સૌ મહિલાઓ એમાં ઉપર જણાવેલ યોજના અનુસાર સભ્ય તરીકે કે સમિકિમાં કાર્યકારી સભ્ય તરીકે, આજીવન, પેટ્રન કે દાતા તીરિક ના નોંધાવે એવી સૌને વિનંતિ છે.

### ૩) સંસ્થાનું પોતાનું વેબ મેગેઝિન :

આજકાલ ની ૨૧ મી સદીનો આ સમય ટેકનોલોજી, વેબ અને મોબાઇલ ક્રાંતિનો છે. આ ડિજિટલ યુગમાં એક નવા અધ્યાય - એક નવા યુગના ઉદય તરફ પ્રયાણ કરી આપણે પણ હવે ડિજિટલ થઇ રહ્યા છીએ. સંસ્થાની પ્રકાશન સમિતિ આ કાર્ય સંભાળે છે. એના નામાભિધાન માટે આપણે સહુ સભ્યો પાસેથી સૂચનો મંગાવ્યા હતા. સર્વે જ્ઞાતિમિત્રો ને નમ્ર અરજ છે કે આ વેબ મેગેઝીન માટે આપ તથા આપના પરિજનો તરફથી જે યોગદાન આપી શકો એ આવકાર્ય છે. આપણો ઉદ્દેશ સૌની સાથે કનેક્ટ થવાનો છે. આ સૌ એટલે વડીલ, યુવા, બાળકો, ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ.... !

**એ)** આપ આપના લેખ/કાવ્ય/વાર્તા/રમુજલેખ/સર્જનાત્મક લેખ / ચિત્ર / ચિત્રણ / ગૌરવ પ્રદ સમાચાર / સામાજિક સેવા અંગે લખાણ કે એવું કંઇ પણ સાહિત્ય આ વેબ મેગેઝિનમાં સમાવવા ઈચ્છતા હો તો નીચે આપેલ વિગત ઉપર સંપર્ક વિનંતી.

**બી)** વેબ મેગેઝિન માં ધંધાકીય કે કોઈપણ કામકાજ ને લગતી જાહેરાત કોઈ પણ સભ્ય કે કોઈપણ હિતેચ્છુ મિત્રો પણ આપી શકાશે. તેના માટે આપ પ્રમુખશ્રીનો સંપર્ક કરી શકો છો. જાહેરાતનું અનુદાન નીચે મુજબ રહેશે. આ સમગ્ર અનુદાન જ્ઞાતિના દાનભંડોળ પેટે લેવામાં આવશે.

| | |
|---|---|
| જાહેરાત ૧/૪ પાનું | રૂા. ૨,૫૦૦/- |
| જાહેરાત ૧/૨ પાન | રૂા. ૫,૦૦૦/- |
| જાહેરાત આખું પાનું | રૂા. ૧૦,૦૦૦/- |

**સી)** સાવ નાની રકમથી પણ વેબ મેગેઝિનમાં આપના પરિવારના સભ્યોના કે અન્ય મિત્રો ને જન્મદિવસની શુભેચ્છા, લગ્નતિથિ, આપણા સ્વર્ગસ્થ વડીલજનોની સંવત્સરી, આપણા શુભ પ્રસંગો - કે યાદગાર દિવસોની ખુશી સહુની સાથે ઉજવી શકાયે તે માટે આ વેબ મેગેઝીનમાં 'જય શ્રી કૃષ્ણ ' માટે પણ આપ 'રૂા. ૧૦૦૦ ' લેખે અનુદાન કરી આપનું કે આપના પરિવારનું નામ અને હેતુ લખાવવા વ્યવસ્થા રાખેલ છે.

### ૪) સંસ્થાની પોતાની વેબસાઇટ :

સંસ્થાના કાર્યક્રમો, આયોજનો, સિદ્ધિઓ, પુષ્ટિ માર્ગ, કોટયર્ક અને જ્ઞાતિ અંગે માહિતી અને ભવિષ્યમાં અન્ય હેતુઓના પ્રસાર માટે હાથવગા સાધન - **Ready Reference** તરીકે સંસ્થાએ એક વેબસાઇટ પણ લોન્ચ કરી છે. હાલમાં હોમ પેજ અને અન્ય માહિતી સાથે વેબ સાઇટ તૈયાર છે. વધુ માહિતી આ લિંક પરથી મળી રહેશે.

**www.nadiadkhadayatasamajvadodara.in**

### ૫) ઉત્સવોની ઉજવણી

આપણી જ્ઞાતિની પુષ્ટિમાર્ગીય પરંપરા અનુસાર દર વર્ષે કારતક શુક્લ બારસના રોજ આપણા ઈષ્ટદેવ કોટચર્ક પ્રભુના પ્રાગટ્ય મહોત્સવ અને ચૈત્ર કૃષ્ણ પક્ષની બારસના રોજ જગતગુરૂ શ્રી મહાપ્રભુજીના પ્રાગટ્ય મોહત્સવની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. આ વર્ષે નવતર પ્રયોગ તરીકે જ્ઞાતિના ટેલેન્ટેડ બાળકો, યુવાનો, ગૃહિણીઓ અને વડીલો સહુને સાંકળીને તારીખ ૧ મે, ૨૦૨૨ ને રવિવારના રોજ શ્રી મહાપ્રભુજીના પ્રાગટ્ય દિવસ નિમત્તે યોજેલ ૧). કરાઓકે મ્યુઝીકલ ઈવનીંગ ૨). ટેલેન્ટ સર્ચ સહિત આયોજિત ઓચ્છવમાં ૩૩૫ સભ્યોએ ઉપસ્થિત રહીને ઘણો સારો પ્રતિસાદ આપ્યો છે તે બદલ જ્ઞાતિ સમિતિ મંડળ સર્વે જ્ઞાતિ મિત્રો સભ્યોનો આભાર માને છે. સંસ્થાના તાજેતરમાં થયેલા કાર્યક્રમનાં તમામ ફોટોગ્રાફ તથા વિડીયો આપ આપણી વેબસાઈટની ગેલેરીમાં તથા ગૂગલ ડ્રાઈવમાં નિહાળી શકશો.

અગામા નવેમ્બર માસમાં યોજાનાર કોટચર્ક પ્રભુના પ્રાગટ્ય મહોત્સવ - ઓચ્છવ દરમ્યાન, શૈક્ષણિક સિદ્ધિઓ માટે ધો. ૧ થી ૯ , ૧૦, ૧૧, ૧૨, ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએજન તથા વિશેષ સિદ્ધિ મેળવનાર સભ્યો માટે પુરસ્કાર, મેડલ, ઈનામોની વહેંચણીનું પણ આયોજન છે.

### ૬) સ્પોર્ટ્સ - ક્રિકેટ - અન્ય રમતોની ટીમ ઉભી કરી રમતો - ટુર્નામેન્ટ આયોજન

હાલ માં જ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે ટીમ ની વહેંચણી અને અભિશિંજ્ઞક્ષ પણ આયોજન કરવામાં આવ્યું. એની વિગતો વેબસાઈટ પર પ્રાપ્ત છે.

### ૭) નજીકના સ્થળોએ પિકનિક - ઉજાણી - ધાર્મિક પ્રવાસ

આપ સૌ સભ્યોનો અદમ્ય ઉત્સાહ આપના કાર્યક્રમોને સફળ બનાવશે જ, આપના સાથ સહકાર ની અપેક્ષા સાથે જયશ્રી કૃષ્ણ !

**આપનો,**
**અર્ચિન શાહ**
**મંત્રી, કારોબારી સમિતિ**
**નડિયાદ ખડાયતા સમાજ**

Surgical and Medical Eye Care

**Dr. Parthvi Shah**

D.O.M.S., D.N.B. Ophthalmology

Consultant Ophthalmic Surgeon

E-mail : parthvishah20@gmail.com Mobile : 98798 12288

# ASHISH HOSPITAL

15, Greenpark Society,

Nizampura, Vadodara - 390 002.

Ph. : 0265 - 2780368, 94083 48793

---

**Dr. Rajesh M. Shah**

M.S (Ortho), Ottho, Fellow, Australia

**JOINT REPLACEMENT, ARTHROSCOPY & ROAD TRAUMA SURGEON**

# ASHISH HOSPITAL

Near Delux Char Rasta,

Nizampura, Vadodara - 390 002

PHONE : (0265) 2780368, 2781593